આરબીઆઈ/2005-06/204
ડીબીઓડી, નં. લિગ. બીસી. 44/09.07.05/ 2005-06
11 નવેમ્બર, 2005

પ્રતિ,
તમામ શિડ્યુલ્ડ કમર્શિયલ બેન્ક્સ,
(આરઆરબી સિવાય)

સાહેબશ્રી,

**નાણાં વિષયક સમાવેશ**

કૃપા કરી અમારા વર્ષ 2005-06ના વાર્ષિક નીતિ સ્ટેટમેન્ટના વચગાળાની સમીક્ષાના ફકરા નં.96ને ધ્યાનમાં લેશો.

2. વાર્ષિક નીતિ સ્ટેટમેન્ટના 2005 અંતર્ગત `ફાઈનાન્સિયલ ઈન્ક્લુઝન'ના મુદ્દાને ધ્યાનમાં લઈ બેન્કસને તેમની હાલની બેંકિંગ કામગીરી કે જે ગ્રાહકોને આકર્ષવા તથા સેવા આપવાને બદલે તેમને સેવાનો લાભ લેવા માટે રોકે છે, તેની કામગીરીઓ/ પદ્ધતિઓને રોકવાની સલાહ આપે છે. ઘણી બેન્કો દ્વારા લઘુત્તમ બેલેન્સની જરૂરિયાત તથા સેવા ઉપરના ચાર્જિસ કે જેની સાથે ઘણી સવલતો મફત પણ આપવામાં આવે છે, તેમ છતાં આના કારણે જાહેર જનતાનો મોટો ભાગ ખાતા નથી ખોલાવી શકતા.

3. આ માટે ફાઈનાન્સિયલ ઈન્ક્લુસનના મુદ્દાને ધ્યાનમાં લઈ તમામ બેન્કસને સૂચના આપવામાં આવે છે કે જાહેર હિતમાં તેઓ મૂળભૂત બેંકિંગ સેવા આપે તેવા `No frills' ખાતાઓ કે જે શૂન્ય બેલેન્સ/ બેલેન્સ વિના અથવા લઘુત્તમ બેલેન્સથી ખોલાવી શકાય તથા તેનો વ્યવહાર લગત ચાર્જીસ પણ લઘુત્તમ હોય તો ખાતા ખોલવાની યોજના કરે. આવા ખાતાઓમાં અપાતી સેવાઓ તથા કુલ વ્યવહારોની સંખ્યા આ બેન્કસ, અગાઉથી જ ખાતેદારોને જાણ કરી, મર્યાદિત કરી શકે છે. તમામ બેન્કસને સેવા ખાતાઓ ખોલાવવા માટે બહોળો પ્રચાર કરવા વિનંતી છે. આ પ્રચાર તેઓ તેમની વેબસાઈટ પર સંપૂર્ણ માહિતીની પારદર્શિતાથી કરે તેવી પણ સલાહ છે.

4. આવા ખાતાઓની સંખ્યાની જાણ બેન્કોએ દર ત્રણ મહિને RBIને કરવાની રહેશે.

5. ઉપરોક્તનો ત્વરિત અમલ કરી RBIને એક મહિનામાં તેના અમલનો રિપોર્ટ મોકલવાની સૂચના આપવામાં આવે છે.

6. આ પત્ર મળ્યાની યોગ્ય જાણ કરશો.

આપનો વિશ્વાસુ,

પ્રશાંત સરણ
મુખ્ય મહાપ્રબંધક